–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી બુઢ્ઢાસિંગ ચાર રસ્તા તરફ જતા ઇન્કમટેક્ષ બ્રીજના છેડે ભારતી એરટેલ નામની ઓફીસ આવેલ છે. આ ઓફીસ ખાતે બહારથી મશીનરી (કન્ટેનર–ડેટા સેન્ટરની માહીતી સ્ટોરેજ) લાવવાનું હોવાથી ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી બુઢ્ઢાસિંગ ચાર રસ્તા તરફ જતુ ટ્રાફિક ડાયવર્ઝન કરવાની જરૂરીયાત છે. આ મશીનરી (કન્ટેનર–ડેટા સેન્ટરની માહીતી સ્ટોરેજ) વધુ વજન ધરાવતુ અને મોટી સાઇઝમાં હોવાથી કામકાજ કરતી વખતે કોઇ જાનહાનિ કે બનાવ બનવા ન પામે તે માટે સદરહું જગ્યાનો માર્ગ ટ્રાફિક માટે ડાયવર્ટ કરવામાં આવનાર છે.

આ ટ્રાફિક ડાયવર્ઝન **તા.૩૧/૧૦/૨૦૨૬ તથા તા.૦૧/૧૧/૨૦૨૬ ના રાત્રીના કલાક ૦૧.૦૦ થી ૦૪.૦૦ દરમિયાન** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી બુઢ્ઢાસિંગ ચાર રસ્તા તરફ જતા ઇન્કમટેક્ષ બ્રીજના છેડા સુધીનો માર્ગ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	**૧.** શાહપુર તરફથી આવતા વાહન ચાલકો દિનેશ હોલની ગલી થઇ મેટ્રો રેલ બ્રિજ નીચે થઇ ડાબી બાજુ વળી આશ્રમ રોડ તરફ જઇ શકશે. **૨.** ઉસ્માનપુરા તરફથી આવતા વાહન ચાલકોએ ઇન્કમટેક્ષ ઓવરબ્રિજ થઇ બુઢ્ઢાસિંગ ચાર રસ્તા તરફ જઇ શકશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૩૦/૧૦/૨૦૨૬

'સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક નાઓના હુકમથી'

M.P.Khant.

પોલીસ ઇન્સપેક્ટર **વતી**
રીડર ટુ સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર